# **<u>પ્રેસનોટ</u>**

## હજ ૨૦૨૭

### હજ ૨૦૨૭ માટે રેન્ડમ ડીજીટલ સીલેક્શન પધ્ધતિ દ્વારા પસંદગી પામેલ હજ યાત્રિઓને એડવાન્સ હજ એમાઉન્ટ ભરવા બાબત

ગુજરાત રાજ્ય હજ સમિતિના સચિવશ્રી, આઈ. એમ. ઘાંચી અખબારી યાદીમાં જણાવે છે કે હજ-૨૦૨૭ માટે રેન્ડમ ડીજીટલ સીલેક્શન પધ્ધતિથી તા. 30-07-2026ના રોજ થયેલ ડ્રોમાં ગુજરાત રાજ્યમાંથી પસંદગી પામેલ તમામ હજ યાત્રિઓ કે જેનું લીસ્ટ હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ https://hajcommittee.gov.in/pilgrim-list/files/provisional-selection-list/24.htm તથા ગુજરાત રાજ્ય હજ કમીટીની વેબસાઈટ https://gujarathajhouse.in પર મુકેલ છે. તે તમામને સચિવશ્રી, ઈમ્તિયાઝ એમ. ઘાંચી દ્વારા મુબારકબાદ પાઠવવામા આવે છે.

હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈનાં પરિપત્ર ૦૪ મુજબ પસંદ થયેલા હજ યાત્રીઓએ હજ યાત્રી દીઠ : **<u>₹1,52,300/- ની એડવાન્સ હજ રકમ તા. 10-08-2026 સુધીમાં ફરજિયાત જમા કરાવવાની રહેશે</u>**.

ઉક્ત રકમ ઓનલાઈન (E-Payment) હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ અથવા Haj Suvidha App માં પોતાના પીલગ્રીમ લોગીનમાં જઈ ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અથવા નેટ બેન્કિંગ દ્વારા અથવા બેંકમાં નિયત નમૂનાની પે-ઇન-સ્લિપ (https://hajcommittee.gov.in/pay-in-slip) દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) અથવા યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (UBI) હજ કમિટી ઓફ ઈન્ડિયાના ખાતામાં, દરેક કવર નંબર માટે ઉપલબ્ધ યુનિક બેંક રેફરન્સ નંબર નો ઉપયોગ કરીને રકમ જમા કરાવવાની રહેશે.

હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા શોર્ટ હજ બાબતે, પેમેન્ટ રસીદ અપલોડ, જરૂરી દસ્તાવેજો તથા આગળની પ્રક્રિયા અંગેનો અલગ પરિપત્ર ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

**નોંધ-** **આથી દરેલ હજ યાત્રિકોને વિનંતી કરવામાં આવે છે કે એડવાન્સ હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને આપની પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં.**

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૬/૨૭-૩૦૦૭-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦-૦૭-૨૦૨૬

(મો. તલ્હા એમ. સૈયદ)
સેકશન અધિકારી,
ગુજરાત રાજય હજ સમિતિ

નકલ રવાના - તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા તથા સોશ્યલ મીડીયા
- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ, - ગુજરાત રાજ્ય હજ કમિટીની વેબસાઈટ